# બાલ ઊર્જા રક્ષક દળ કાર્યક્રમ : વર્ષ ૨૦૦૯-૨૦૧૦

# અમલ માટેની માર્ગદર્શિકા

---

## <u>સામાન્ય સૂચનાઓ</u>

- રાજ્યભરમાં કુલ મળીને ૧૮૦૦ માધ્યમિક શાળાઓના નામોની નોંધણી.
- શાળા દીઠ ૨૫ ઊર્જારક્ષક વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓના નામોની નોંધણી.
- રાજ્યભરમાં કુલ મળીને ૧૮૦૦ પ્રાથમિક શાળાના નામોની નોંધણી.
- નોંધણી કરાયેલ પ્રાથિમક અને માધ્યમિક શાળાઓની તાલુકાવાર યાદી પત્રક-૧ માં દર્શાવ્યા પ્રમાણે તૈયાર કરવાની રહેશે.
- પત્રક-૨ માં દર્શાવ્યા પ્રમાણે લેબલ પર આચાર્યશ્રીના નામ સાથે શાળાનું પૂરું સરનામું અને સંપર્ક નંબરની વિગતો નોંધવી અને C.D. પર પણ પ્રાથમિક અને માધ્યમિક શાળાની તે વિગતો અલગ-અલગ આપવી.
- પત્રક-૩માં દર્શાવેલ નમૂના મુજબ આપની સંસ્થાના લેટરહેડ પર તબક્કો – ૧ ના નાણાંની ચુકવણી માટે જેડાના નિયામકને અરજી કરવી. એ વખતે પત્રક-૪ મુજબનું ચેકલીસ્ટ જોઈને ભરી દેવું.
- તમામ નોંધાયેલ શાળાઓને બર્ડની આ વર્ષની છ પ્રવૃત્તિઓ વિગતે સમજાવવી.
- શાળાના બે શિક્ષકોની ઊર્જા આગેવાન તરીકે નોંધણી કરવી.
- તે પૈકી એક ઊર્જા આગેવાન શિક્ષકને જેડા દ્વારા આયોજિત ચિરસ્થાયી સ્થાપત્ય અંગેના તાલીમ કાર્યક્રમમાં મોકલવા માટેની સંકલન કામગીરી.
- ધોરણ ૪-૫ ના વિદ્યાર્થીઓ રાષ્ટ્રીય કક્ષાની ચિત્ર સ્પર્ધામાં ભાગ લે તે માટેની સંકલન કામગીરી.
- રાષ્ટ્રીય ઊર્જા સંરક્ષણ દિવસની ઉજવણી અંગેની સંકલન કામગીરી.
- યાદીમાં સમાવિષ્ટ ભારતીય તહેવારોના દિવસે 'હરિયાળી ઊર્જા' ઉજવણી અંગેની સંકલન કામગીરી.
- 'ચિરસ્થાયી સ્થાપત્ય' અંગેના પ્રોજેક્ટમાં શાળા જોડાય તે માટેની સંકલન કામગીરી.
- 'કચરામાંથી કંચન' પ્રોજેક્ટમાં શાળા જોડાય તે માટેની સંકલન કામગીરી.
- કાર્યક્રમનો વ્યાપક પ્રચાર-પ્રસાર કરવો.
- કોઈપણ માધ્યમ થકી કરાતા પ્રચાર-પ્રસારમાં બર્ડ કાર્યક્રમ સંપૂર્ણપણે જેડા પુરસ્કૃત અને લોકવિજ્ઞાન કેન્દ્ર/સહભાગી સંસ્થા દ્વારા આયોજિત છે એમ સ્પષ્ટપણે દર્શાવવું.
- જિલ્લા કક્ષાએ બર્ડ કાર્યક્રમના સંકલન અને સંચાલનની સંપૂર્ણ જવાબદારી લોકવિજ્ઞાન કેન્દ્ર/સહભાગી સંસ્થાની રહેશે.
- પત્રક-૧૧માં દર્શાવેલ નમૂના મુજબ દરેક શાળાએ પોતાને શાળામાં બર્ડ કાર્યક્રમના અમલ માટે ચૂકવાયેલ રૂ. ૧૫૦૦ ના બીજરૂપ ફંડની વિગતો જેડાના નિયામકને જણાવવાની રહેશે.
- લોકવિજ્ઞાન કેન્દ્ર / સહભાગી સંસ્થાએ શાળાને ચૂકવેલ બીજફંડની વિગતો પત્રક-૧૨ મુજબ ભરીને જેડામાં પહોંચતી કરવાની રહેશે.
- તબક્કો – ૨ ના નાણાંની ચુકવણી વખતે પત્રક-૧૪ મુજબનું ચેકલીસ્ટ જોઈને ભરી દેવું.

## <u>પૂરું પડાનાર ભંડોળ</u>

જિલ્લા કક્ષાએ કાર્યક્રમનો અમલ કરનાર લોક વિજ્ઞાન કેન્દ્ર/સ્વૈચ્છિક સેવા સંસ્થાને નીચેની વિગતે નાણાં ચૂકવવામાં આવશે.

કોષ્ટક : ૧ : સદરવાર ખર્ચનું પત્રક

(ઉપયોગિતા પ્રમાણપત્ર જે તે સદર માટે પૂરાં પડાયેલ નાણાં પ્રમાણે જ રજૂ કરવાનું રહેશે.)

| ક્રમ નં. | સદર | શાળાદીઠ ચૂકવાનાર રકમ રૂ. |
|---|---|---|
| ક-૧ | શાળાના નામોની નોંધણી અને સંકલનની કામગીરી. | ૧૦૦.૦૦ |
| ૨ | કાર્યક્રમના અમલ માટે શાળાઓને માર્ગદર્શન | ૨૦૦.૦૦ |
| ૩ | કાર્યક્રમ અંતર્ગત હાથ ધરાનાર છ પ્રવૃત્તિઓનું દેખરેખ નિયમન | ૫૦૦.૦૦ |
| ૪ | કાર્યક્રમનો પ્રચાર-પ્રસાર | ૧૦૦.૦૦ |
| ૫ | જરૂરી દસ્તાવેજો અને અહેવાલલેખન | ૧૦૦.૦૦ |
| ૬ | સહાયક સેવા | ૨૦૦.૦૦ |
| ખ | જિલ્લા કક્ષાએ અભ્યાસ-પ્રવાસ | ૭૦૦.૦૦ |
| ગ | બીજ ફંડ | ૧૫૦૦.૦૦ |
| ઘ | બે ઊર્જા આગેવાનો અને પાંચ ઊર્જા રક્ષક વિદ્યાર્થીઓને માટેનું પ્રવાસ ખર્ચ | ૧૦૦૦.૦૦ |
|  | સરવાળો | ૪૪૦૦.૦૦ |

## <u>કાર્યક્રમ અંતર્ગત ૨૦૦૯-૨૦૧૦ ના વર્ષમાં હાથ ધરવાની પ્રવૃત્તિઓ</u>

| ક્રમ નં. | પ્રવૃત્તિ | ક્યારે/ક્યાં સુધીમાં હાથ ધરવી? (કામચલાઉ અંદાજ) |
|---|---|---|
| ૧ | શાળાના નામોની નોંધણી તથા શાળાદીઠ ૨૫ ઊર્જારક્ષકો તેમજ ૨ ઊર્જા આગેવાન શિક્ષકોના નામોની નોંધણી | ૩૧ ઓગષ્ટ, ૨૦૦૯ |
| ૨ | હરિયાળી ઊર્જાની ઉજવણી | ૧ ઓગષ્ટ, ૨૦૦૯ થી<br>૩૧ જાન્યુઆરી, ૨૦૧૦ |
| ૩ | જેડા દ્વારા નિયત કરેલ સ્થળે ઊર્જા આગેવાનને ચિરસ્થાયી ઊર્જા સ્થાપત્ય અંગે તાલીમ | સપ્ટેમ્બર-ઓક્ટોબર, ૨૦૦૯ |
| ૪ | શાળાદીઠ ૫ ઊર્જારક્ષકો અને ૨ ઊર્જા આગેવાન શિક્ષકોનો અભ્યાસ પ્રવાસ | નવેમ્બર, ૨૦૦૯ |
| ૫ | રાષ્ટ્રીય ઊર્જા સંરક્ષણ દિનની ઉજવણી | ૧૪ ડિસેમ્બર, ૨૦૦૯ |
| ૬ | કચારામાંથી કંચન અને ચિરસ્થાયી સ્થાપત્ય અંગેના બે પ્રોજેક્ટ અંગેની કામગીરી અને લોકવિજ્ઞાન કેન્દ્ર ખાતે તે રજૂ કરવા | ૩૧ ડિસેમ્બર, ૨૦૦૯ થી<br>૩૧ જાન્યુઆરી, ૨૦૧૦ |
| ૭ | રાજ્ય કક્ષાનો ઊર્જા ઉત્સવ | ફેબ્રુઆરી, ૨૦૧૦ |

## રાષ્ટ્રીય ચિત્ર-સ્પર્ધા : ધોરણ ૪-૫ ના વિદ્યાર્થીઓ માટે

- બ્યુરો ઓફ એનર્જી એફિસીયન્સી (BEE), નવી દિલ્હી દ્વારા યોજાતી રાષ્ટ્ર કક્ષાની ચિત્ર સ્પર્ધામાં ‘બર્ડ’ ની પ્રાથમિક શાળાઓ ભાગ લે તે માટેની સંકલન કામગીરી અને શાળાઓને આ પ્રવૃત્તિ સમજાવવા અંગેની કામગીરી લોકવિજ્ઞાન કેન્દ્ર/સહભાગી સંસ્થાએ કરવાની રહેશે. BEE દ્વારા ઉક્ત ચિત્ર-સ્પર્ધાની જાહેરાત સ્થાનિક ધોરણે પ્રસિદ્ધ થતા અગ્રણી વર્તમાનપત્રમાં કરવામાં આવશે.
- લોકવિજ્ઞાન કેન્દ્ર/સહભાગી સંસ્થાએ શાળાના આચાર્યશ્રીના સહયોગમાં BEE ની માર્ગદર્શક સૂચના મુજબ શાળા કક્ષાએ ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવાનું રહેશે.
- લોકવિજ્ઞાન કેન્દ્ર/સહભાગી સંસ્થાએ શાળાના આચાર્યશ્રીના સહયોગમાં શાળા દીઠ શ્રેષ્ઠ બે ચિત્ર પસંદ કરવાના રહેશે.
- BEE દ્વારા દૈનિક વર્તમાનપત્રમાં પ્રસિદ્ધ કરવામાં આવેલ જાહેરાતમાં દર્શાવેલ ગુજરાત રાજ્ય માટે નિયત કરેલ નોડલ એજન્સી ખાતે લોકવિજ્ઞાન કેન્દ્ર/સહભાગી સંસ્થાએ પત્રક- ૫ અને ૬ માં દર્શાવેલ નમૂના મુજબ અંગ્રેજીમાં ફોરવર્ડીંગ લેટર સાથે શાળાઓની તાલુકા અને જિલ્લાવાર યાદી મોકલી આપવાની રહેશે.
- BEE ના ગુજરાત ખાતેના નોડલ ઓફિસરને મોકલેલ પત્ર અને તેની સાથેના બિડાણની નકલ લોકવિજ્ઞાન કેન્દ્ર/સહભાગી સંસ્થાએ જેડાને પણ મોકલી આપવાની રહેશે.

## રાષ્ટ્રીય ઊર્જા સંરક્ષણ દિનની ઉજવણી-૧૪ ડિસેમ્બર, ૨૦૦૯

- શાળા કક્ષાએ પુનઃપ્રાપ્ય ઊર્જા અને ઊર્જા સંરક્ષણને સંલગ્ન શેરીનાટક અથવા રેલી અથવા પપેટ-શો.
- સંલગ્ન યાદી પૈકી કોઈપણ બે ભારતીય તહેવારની હરિયાળી ઉજવણી અંતર્ગત શાળામાં ઉજવણી.
- લોકવિજ્ઞાન કેન્દ્ર/સહભાગી સંસ્થાએ ઉક્ત બન્ને પ્રવૃત્તિ શાળામાં હાથ ધરાય છે કે નહીં તે જોવાનું રહેશે.

## ઊર્જા આગેવાન તાલીમ કાર્યક્રમ

- શાળા દીઠ એક ઊર્જા આગેવાન શિક્ષક જેડા દ્વારા યોજાયેલ ચિરસ્થાયી સ્થાપત્ય અંગેના તાલીમ કાર્યક્રમમાં ભાગ લે તે લોકવિજ્ઞાન કેન્દ્ર/સહભાગી સંસ્થાએ જોવાનું રહેશે.
- લોકવિજ્ઞાન કેન્દ્ર/સહભાગી સંસ્થાએ ભાગ લેનાર ઊર્જા આગેવાન શિક્ષકોની શાળા/તાલુકાવાર યાદી પત્રક-૭ તથા પ્રવાસ ખર્ચ પત્રક ૧૩ માં જણાવ્યા મુજબ જેડાને મોકલી આપવાની રહેશે.

## ચિરસ્થાયી પરંપરાગત સ્થાપત્યનો અભ્યાસ પ્રવાસ

- લોકવિજ્ઞાન કેન્દ્ર/સહભાગી સંસ્થાએ શાળા દીઠ ૫ ઊર્જારક્ષકો અને ૨ ઊર્જા આગેવાન શિક્ષકોને પોતાના વિસ્તારમાં આવેલ પરંપરાગત સ્થાપત્યની મુલાકાતે અભ્યાસ-પ્રવાસ માટે લઈ જવાના રહેશે. એ માટે જરૂરી તમામ વ્યવસ્થા લોકવિજ્ઞાન કેન્દ્ર/સહભાગી સંસ્થાએ કરવાની રહેશે.

- લોકવિજ્ઞાન કેન્દ્ર/સહભાગી સંસ્થાએ શાળા કક્ષાએ હાથ ધરાયેલ પ્રોજેક્ટ કામગીરીની વિગતવાર યાદી પત્રક-૮ માં દર્શાવ્યા પ્રમાણે જેડાને મોકલી આપવાની રહેશે.

## પ્રોજેક્ટ-૧ : ચિરસ્થાયી સ્થાપત્ય અંગે શિક્ષણ

- ઊર્જા આગેવાનની ચિરસ્થાયી સ્થાપત્ય અંગેની તાલીમ અને ઊર્જારક્ષકો સાથેના નિકટવર્તી પરંપરાગત સ્થાપત્યના અભ્યાસ-પ્રવાસ બાદ ઊર્જારક્ષકોએ ઊર્જા આગેવાનના માર્ગદર્શન હેઠળ મુલાકાત લીધેલ સ્થાપત્યનું દસ્તાવેજીકરણ અને વિશ્લેષણ એ-૩ કદના કાગળ પર કરવું. તેમાં પરંપરાગત સ્થાપત્યના વિશિષ્ટ લક્ષણો દર્શાવવાની સાથોસાથ તત્સંલગ્ન ફોટા, ઈલસ્ટ્રેશન્સ, ડ્રોઈંગ વગેરે પણ કોલાજ કરવા.
- ત્યાર બાદ દ્રશ્ય-શ્રાવ્ય ફોર્મેટમાં મલ્ટીમીડિયા પ્રેઝંન્ટેશન તૈયાર કરવું.

  અથવા

  પોતે કરેલ અભ્યાસ-પ્રવાસને સંલગ્ન નાટક રજૂ કરવું

  અથવા

  ચિરસ્થાયી સ્થાપત્યના લક્ષણો દર્શાવતું વર્કીંગ મોડલ તૈયાર કરવું.
- અભ્યાસ-પ્રવાસ અને આગેવાન તાલીમ બાદ એ-૩ કદના કાગળ પર કોલાજ અને મલ્ટી મીડિયા પ્રેઝંન્ટેશન અથવા અભ્યાસ સંલગ્ન નાટક અથવા વર્કીંગ મોડલ બનાવવાની એમ બે કામગીરી હાથ ધરવી ફરજિયાત છે.

## પ્રોજેક્ટ-૨ કચરામાંથી કંચન

- ઊર્જારક્ષકોએ ઊર્જા આગેવાનના માર્ગદર્શન હેઠળ કચરામાં નાંખી દેવાતી સામગ્રીને ઉપયોગમાં લઈ ગ્રીટીંગ કાર્ડ/વર્કીંગ મોડલ બનાવવાના રહેશે.
- ૨૫ ઊર્જારક્ષકો અને ૨ ઊર્જા આગેવાન શિક્ષકોએ ભેગા મળી તૈયાર કરેલ શાળા દીઠ એક પ્રોજેક્ટ તેમણે લોકવિજ્ઞાન કેન્દ્ર/સહભાગી સંસ્થાને મોકલી આપવાનો રહેશે.
- લોકવિજ્ઞાન કેન્દ્ર/સહભાગી સંસ્થાએ એ તમામ પ્રોજેક્ટ જેડા જણાવે તે સ્થળે મૂલ્યાંકન અર્થે મોકલી આપવાના રહેશે.
- લોકવિજ્ઞાન કેન્દ્ર/સહભાગી સંસ્થાએ શાળાએ તૈયાર કરેલ પ્રોજેક્ટની વિગતવાર યાદી પત્રક-૮માં દર્શાવ્યા પ્રમાણે જેડાને મોકલી આપવાની રહેશે.

## કાર્યક્રમનો પ્રચાર-પ્રસાર

- મુદ્રિત અને વીજાણુ માધ્યમ મારફત કાર્યક્રમનો પ્રચાર કરવો.
- કરેલ કામગીરીના ફોટોગ્રાફ્સ, વિડીયો કેસેટસ કે અન્ય કોઈ દસ્તાવેજી પુરાવા લોકવિજ્ઞાન કેન્દ્ર/સહભાગી સંસ્થાએ પોતાની પાસે રાખવા.
- દરેક પ્રચાર-પ્રસાર સામગ્રીમાં બાલ ઊર્જારક્ષક દળ કાર્યક્રમ ગુજરાત ઊર્જા વિકાસ એજન્સી પુરસ્કૃત અને લોકવિજ્ઞાન કેન્દ્ર/સહભાગી સંસ્થા દ્વારા આયોજિત છે તેમ સ્પષ્ટ દર્શાવવું.

## નાણાં – ચુકવણી

લોકવિજ્ઞાન કેન્દ્ર/સહભાગી સંસ્થાને જિલ્લા કક્ષાએ બાલ ઊર્જારક્ષક દળ કાર્યક્રમના સંચાલન અને સંકલન માટે પત્રક-૧૦માં દર્શાવ્યા પ્રમાણે શાળા દીઠ રૂ. ૪૪૦૦ ની ચુકવણી ૨૦૦૯-૨૦૧૦ ના વર્ષ દરમિયાન નીચેની વિગતે અને રીતે ચૂકવવામાં આવશે.

| ક્રમ નં. | વિગત | શાળા દીઠ રકમ રૂ. |
|---|---|---|
| ૧ | તબક્કો – ૧ | |
| | ક. શાળાના નામોની નોંધણીની કામગીરી પૂરી થયેથી. પત્રક-૧ મુજબ<br>ખ. લેબલ પર આચાર્યશ્રીના નામ સાથે શાળાનું પૂરું સરનામું અને સંપર્ક નંબરની વિગતોની કોપી અને C.D. જેડામાં પહોંચતી થયા બાદ. પત્રક-૨ મુજબ<br>ગ. ક્લેઈમ – લેટર રજૂ કર્યેથી. પત્રક-૩ મુજબ.<br>ઘ. ચેકલીસ્ટ પત્રક-૪ મુજબ | ૨૨૦૦* |
| ૨ | તબક્કો – ૨ | |
| | ક. શાળામાં બર્ડની છ પ્રવૃત્તિ કર્યા બાદ<br>ખ. જેડાએ આપેલ પત્રક-૫ થી ૧૩ મુજબ વિગતો ભરીને જેડામાં રજૂ કર્યેથી<br>ગ. જિલ્લાવાર અહેવાલ, ફોટોગ્રાફ્સ, પ્રેસનોટ, વીડિયો જેડામાં પહોંચતું કર્યેથી<br>ઘ. પત્રક-૧૦માં જણાવ્યા મુજબ નિયત ફોર્મેટમાં ચાર્ટર્ડ એકાઉન્ટન્ટના સહી-સિક્કાવાળું ખર્ચનું ઉપયોગિતા-પ્રમાણપત્ર રજૂ કર્યેથી<br>ચ. ચેકલીસ્ટ પત્રક-૧૪ મુજબ | ૨૨૦૦.૦૦** |

★ જેટલી શાળાની નોંધણી થઈ હશે તે પ્રમાણે જ નાણાં-ચુકવણી કરાશે.

★★ જે પ્રવૃત્તિ નહીં થઈ હોય તેના પૈસા કાપી લેવામાં આવશે.

<u>નોંધ :</u> ૩૧/૩/૨૦૧૦ પછી રજૂ થયેલ બિલો ૧૦% કપાતને પાત્ર રહેશે.